ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૨ ટકા
ગાંધીનગર તાપમાન

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સંતાન ઈચ્છુક દંપતી અને સગર્ભા બહેનો માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

'બાળઉછેરની બારાક્ષરી' કાર્યક્રમમાં જન્મથી ત્રણ વર્ષના બાળકોના માતાપિતા સાથે બાળઉછેર અંગે સંવાદ થયો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર સ્થિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ૨૪ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ વિસ્તરણ કેન્દ્ર અંતર્ગત 'બાળઉછેરની બારાક્ષરી' તેમજ 'ધારણથી સંતતિ અવતરણ' એમ બે કાર્યક્રમોનું આયોજન થયું હતું. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલાં આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે જીદ્રઢ વુમન્સ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી શશિકલા વણઝારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ બંને કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જન્મથી ત્રણ વર્ષના બાળકો તેમના માતા-પિતા સહિત સગર્ભા બહેનો અને નવપરિણીત દંપતીઓ ઉપસ્થિત રહ્યા હતા. શિશુપરામર્શન વિભાગ દ્વારા આયોજિત 'બાળઉછેરની બારાક્ષરી' કાર્યક્રમની શરૂઆત ૧૧.૩૦ કલાકે કરવામાં આવી હતી. જેમાં વિસ્તરણ કેન્દ્રના નિયામકશ્રી પ્રો. રણજીતસિંહ પવાર દ્વારા કાર્યક્રમની પ્રસ્તાવના રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ શિશુપરામર્શન કેન્દ્રના અધ્યક્ષ ડૉ. રુપમબહેન ઉપાધ્યાય દ્વારા બાળઉછેરમાં પરિવારની શું ભૂમિકા છે તે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જે બાદ શિશુપરામર્શન કેન્દ્રના સંયોજિકા શ્રીમતી દિવ્યાબેન રાવળ દ્વારા અભિનયગીત રજૂ કરવામાં આવ્યું હતું, તેમજ શિશુપરામર્શન કેન્દ્રની પ્રવૃત્તિઓનો પરિચય આપી તેનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. જ્યારબાદ શિશુપરામર્શન કેન્દ્રના લાભાર્થી વાલીઓ દ્વારા પ્રતિભાવ આપવામાં આવ્યો હતો. જેમાં એક વાલીએ જણાવ્યું હતું કે, સંસ્કૃત શ્લોક બોલવાની પ્રવૃતિથી મારું અઢી વર્ષનું બાળક શુદ્ધ ઉચ્ચારણ બોલે છે, તો અન્ય એક વાલીએ શિશુપરામર્શન કેન્દ્રનો લાભ લેવા માટે સહભાગીઓને જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે શ્રી શશિકલા વણઝારી અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી દિવ્યાંશુ દવે ઉપસ્થિત રહ્યા હતા. માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે અધ્યક્ષીય ઉદબોધન દરમિયાન વિદેશમાં પણ તપોવન કેન્દ્ર અને શિશુપરામર્શન કેન્દ્ર શરૂ કરવાનો આશાવાદ સેવ્યો હતો. જ્યારે દિવ્યાંશુ દવેએ સંતાન ઈચ્છુક દંપતીઓને શ્રેષ્ઠ સંતાનપ્રાપ્તિ માટે માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી શેત્રુંજય મહાતીર્થમાં અસામાજિક તત્વોએ હુમલા કરી પ્રતિમાજી ખંડિત કરી CCTV કેમેરા તોડ્યા તેઓને શોધીને તાત્કાલિક ધોરણે સજા થાય તેમજ શ્રી સમ્મેત શિખરજીમાં તીર્થને પર્યટન ક્ષેત્ર ન બનાવી પવિત્ર તીર્થ ક્ષેત્ર જ રહેવા દેવા માટે પાટનગર ગાંધીનગરમાં ૨૫ ડિસેમ્બર રવિવારના રોજ પ.પૂ.આ.ભ. શ્રી હેમચંદ્રસાગર સૂરીશ્વરજી મ.સા. તથા મુનિશ્રી મંત્રચૈતન્યવિજયજી મ.સા.ની પાવન નિશ્રામાં મહાસભા યોજાઈ હતી. જેમાં ગાંધીનગરના સમસ્ત જૈન સમાજે ઉપસ્થિત રહી જૈન એકતા બતાવી હતી. આ સભામાં સામાયિક, મંત્ર જાપ વગેરે કરી સુક્ષ્મ બળ ઉપાર્જન કરી તીર્થ રક્ષા માટે આહવાન કરવામાં આવ્યું હતું

એ.વી.વી. ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ માં 'ગ્રાન્ડ ક્રિસમસ સેલિબ્રેશન' કરાયું

સૌપ્રથમ શાળામાં 'સ્પેશિયલ એસેમ્બલી ફોર ક્રિસમસ' યોજવામાં આવી હતી. જેમાં ક્રિસમસ ને લગતી જ થીમ રાખવામાં આવી હતી. ત્યારબાદ બાળકોના ઉત્સાહમાં વધારો કરવા એ.વી.વી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ દ્વારા 'ડાન્સ વિથ સાન્તા' નો પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો. બાળકોને ભણતરની સાથે સાથે દરેક તહેવારો વિશે નું જ્ઞાન મળે તથા એન્જોયમેન્ટ મળે તે હેતુથી બે અલગ-અલગ સ્થળોએ શાળા દ્વારા સાન્તાક્લોઝ સાથે ડાન્સ કરાવવામાં આવ્યો હતો. જે બધા જ માટે ખુલ્લુ મુકવામાં આવેલ હતું. વાવોલ તથા પેથાપુર માં વિશાળ સ્ટેજ બનાવવામાં આવ્યું હતું. અને બધા જ બાળકોએ સાન્તાક્લોઝ સાથે મનભરીને ડાન્સ કર્યો હતો. આ કાર્યક્રમ માં વાલીઓ તથા બાળકો સારી સંખ્યામાં જોડાયા હતા અને ડાન્સ કર્યો હતો. આ કાર્યક્રમ ખૂબ જ સફળ નીવડ્યો હતો.

માણસા ખાતે માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

વેદ ઇન્ટરનેશનલ સ્કૂલ સરગાસણ દ્વારા ક્રિસમસ સેલિબ્રેશન

બાળકોનો પસંદગીનો તહેવાર એટલે ક્રિસમસ. બાળકો ને અત્યારથી જ દરેક તહેવારોની ઉજવણી કઈ રીતે કરવામાં આવે છે અને કેમ કરવામાં આવે છે તે વિશેનું જ્ઞાન પ્રાપ્ત થાય તથા બાળકો દરેક તહેવાર આનંદપૂર્વક ઉજવી શકે તે હેતુથી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં સેલિબ્રેશન કરવામાં આવ્યું. જેમાં સ્પેશિયલ એસેમ્બલી રાખવામાં આવી હતી. ક્રિસમસ ટ્રીને ખુબ જ સુંદર રીતે સુશોભિત કરવામાં આવ્યું હતું. પ્રેયર, ડાન્સ, થોટ્સ તથા અમેઝિંગ ફેક્સ દરેક વસ્તુઓ ને ક્રિસમસની જ થીમ આપવામાં આવી હતી. બાળકો રેડ એન્ડ વાઈટ પરિધાનમાં સજ્જ થઈ સુંદર મજાના સાન્તાક્લોઝ સાથે ડાન્સ કર્યા હતા. અને બાળકોને ખૂબ જ આનંદ આવ્યો હતો.

'પાટનગરનું પંચામૃત' ગાંધીનગર સાહિત્યસભા દ્વારા એકસાથે પાંચ પુસ્તકના વિમોચનની વિરલ ઘટના..!

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા માત્ર ૨૦૨૨ના વર્ષ દરમિયાન અત્યાર સુધી ૨૧ પુસ્તકોનું વિમોચન થઈ ચૂક્યું છે જે એક અનોખો રેકોર્ડ બન્યો છે. ગાંધીનગર સાહિત્યસભા દ્વારા 'શબદ' દીપોત્સવી અંક વિમોચન કાર્યક્રમ હમણાં જ આયોજિત કરવામાં આવ્યો હતો. શનિવારે સાંજે ગાંધીનગર સાહિત્યસભા દ્વારા 'પાટનગરનું પંચામૃત' કાર્યક્રમમાં એકસાથે પાંચ પુસ્તકનું વિમોચન થતાં ગાંધીનગર સાહિત્યસભાના ઈતિહાસમાં એક વિરલ ઘટના બની હતી.

શનિવાર દિનાંક ૨૪ ડિસેમ્બરના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ હાઈસ્કૂલ હોલ, સેક્ટર - ૨૩ ગાંધીનગર ખાતે આયોજિત કાર્યક્રમમાં ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત (પુસ્તક : અનોખાં સ્વાતંત્ર્ય સેનાની મણિબહેન પટેલ), ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલ (પુસ્તક : મહાભારત મંથન), મહામંત્રી રમેશ ઠક્કર (પુસ્તક : એકાંતનો ઉજાસ અને એકાંતનો આલેખ) અને સાહિત્યસભાના સલાહકાર કવિ કિશોર જિકાદરાનો ગઝલ સંગ્રહ (સાવ જુદું છે) એમ પાંચ પુસ્તકનું વિમોચન વિમોચન ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા દ્વારા કરવામાં આવ્યું હતું.

'પાટનગરનું પંચામૃત' એ ગાંધીનગર સાહિત્યસભાનો વિરલ પ્રસંગ બન્યો કારણ કે છેલ્લા ૨૭ વર્ષથી કાર્યરત આ સંસ્થાના પદાધિકારીઓ એક સાથે એક મંચ પર પોતાના પુસ્તક વિમોચન કર્યું એ પ્રથમ ઘટના બની હતી. કાર્યક્રમની શરૂઆત પારૂલ મહેતાની રાગ માલકૌંસ પર આધારિત પ્રાર્થનાથી થઈ હતી. કાર્યક્રમનું પ્રાસંગિક ઉદ્બોધન ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે કર્યું હતું અને આ વિરલ ઘટના માટે ચારેય સર્જકોને અભિનંદન આપ્યા હતા.

'પાટનગરનું પંચામૃત' કાર્યક્રમમાં દરેક સર્જકે પોતાના સર્જન યાત્રાની વાત કરી હતી. કવિ શ્રી કિશોર જિકાદરાએ એમના સંગ્રહમાંથી ગઝલ પઠન કરીને દાદ મેળવી હતી.

કાર્યક્રમના મુખ્ય મહેમાન ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહાએ પાંચેય પુસ્તકોનું લોકાર્પણ કરી દરેક પુસ્તક અને સર્જક વિશે એમની રસપ્રદ શૈલીમાં વાત રજૂ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ડૉ. વર્ષા પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું.

સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચલિત એસ જી અને એસ વી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં બાળકો માં સર્વધર્મ સમભાવ ની ભાવના કેળવાય તે હેતુ થી નાતાલ પર્વ ની ઉજવણી નુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમાં ધોરણ ૧ થી ૮ વિદ્યાર્થીઓ એ વિવિધ કાર્યક્રમો ની રજૂઆત કરી હતી.

ભારત જેટલું સુંદર કાંઈ નથી, ફરી લેશો તો જરૂર પ્રેમમાં પડશો..!!

ગાંધીનગરના બે સ્નેક રેસ્ક્યુઅર યુવાનોનું સર્પ જાગૃતિ માટે દેશ ભ્રમણ : લગલગાટ ૧૨૭ દિવસમાં ૧૨ જ્યોતિર્લિંગ અને પૂર્વોત્તર સહિત ૨૮ રાજ્યોનો પ્રવાસ ખેડીને રૂ.૪.૩૦ લાખના ખર્ચે ૩૦,૨૯૪ કિમી બાઈક રાઇડિંગ કરી દેશભરમાં સર્પો વિશે જાગૃતિ ફેલાવી : કચ્છથી કન્યાકુમારી અને તવાંગથી કારગીલ-લેહને આવરી લેતું અનોખું સાહસ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરે જે રીતે પ્રકૃતિપ્રેમી નાગરિકોની ઓળખ પણ કેળવી છે તે ખરેખર અનોખી છે. શહેરમાં અનેક યુવાનો પ્રકૃતિના જતન તેમજ જીવદયાના કાર્યોમાં સાચી લગનથી જોડાયેલા છે અને તે માટે તેઓ કંઈ પણ કરી છૂટવા તૈયાર હોય છે. શહેરના

સંબંધ સજાવે જિંદગી

સમીર રામી

સર્પ બચાવના સેવા કાર્ય સાથે જોડાયેલા પ્રકૃતિપ્રેમી બે યુવા મિત્રો મોટરસાઈકલ પર લગલગાટ ચાર મહિના અને ચાર દિવસ સુધી દેશના ખૂણે ખૂણે ફરીને સરીસૃપોના મહત્વ અને તેના બચાવ કાર્ય અંગે જનજાગૃતિ ફેલાવવાનું કામ કરીને તાજેતરમાં જ પાટનગરમાં પરત ફર્યા છે. ગાંધીનગરના વાવોલમાં રહેતા દીપક પ્રજાપતિ અને ભુપેન્દ્ર કોરી નામના મધ્યમ વર્ગીય યુવાનોએ ગત સ્વાતંત્ર દિન તા.૧૫મી ઓગસ્ટ ૨૦૨૨ના રોજ શરૂ કરીને ૧૨૭ દિવસમાં ૧૨ જ્યોતિર્લિંગ સહિત અનેક ધર્મસ્થાનો અને મહત્વના સ્થળોને આવરી લેતા દેશના પૂર્વોત્તર સહિત ૨૮ રાજ્યોનો પ્રવાસ ખેડીને તા.૧૯મી ડિસેમ્બર ૨૦૨૨ના રોજ પરત ફર્યા ત્યારે તેઓ પોતાની બચતની રૂ.૪.૩૦ લાખ મૂડી વાપરીને કુલ ૩૦,૨૯૪ કિમી બાઈક રાઈડિંગ કરી ચૂક્યા હતા. તેમના ભારત ભ્રમણનો હેતુ દેશભરમાં સર્પો વિશે સાચી માહિતી ફેલાવી તેમના બચાવ અંગે જાગૃતિ આવે તેવો હતો.

ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં સુરજ-૪૮ સોસાયટીમાં રહેતા અને એર કંડિશનિંગના કામ સાથે સંકળાયેલા દિપક પ્રજાપતિ તેમજ વાવોલની નારાયણનગર સોસાયટીમાં રહીને પ્લમ્બિંગ વર્ક કરતા ભુપેન્દ્ર કોરી નામના બે મધ્યમ વર્ગીય પ્રકૃતિપ્રેમી યુવા મિત્રો જીવદયાના કામ સાથે સંકળાયેલા છે અને ગાંધીનગર સ્નેક લવર્સ ક્લબ સાથે સંકળાઈને સર્પ બચાવના કાર્યમાં સેવા આપે છે.

આ બન્ને યુવાનોએ દેશભરમાં સરીસૃપો અંગે જનજાગૃતિ ફેલાવવાનું બીડું ઝડપ્યું અને તેઓએ મહાદેવજીનાં ૧૨ જ્યોતિર્લિંગ તીર્થસ્થાનોને આવરી લેતા સહિત દેશભરમાં વિવિધ સ્થળે ફરીને સરીસૃપો અંગે જાગૃતિ ફેલાવવા માટે પ્રયાસ કરવાનો નિર્ધાર કર્યો જેને અનુલક્ષી દિપક પ્રજાપતિ અને ભૂપેન્દ્ર કોરી બંન્ને પોતાના મોટર બાઈક ઉપર ટેન્ટ, સુકા નાસ્તા, અન્ય ભોજન સામગ્રી સહિત જરુરી સરસામાન લઈને ગાંધીનગરથી વાયા દાહોદ થાઈને સૌપ્રથમ મધ્યપ્રદેશમાં ઉજ્જૈન તરફ જવા રવાના થયાં હતાં. તેમણે મધ્યપ્રદેશમાં મહાકાલેશ્વર, ઓમકારેશ્વર જ્યોર્તિલિંગ, ઈન્દોર થઈને મહારાષ્ટ્રમાં ઘૃષ્મેશ્વર, અજંતા-ઈલોરા, શનિ શિંગણાપુર અને તેની આસપાસના ગામડાં સહિતના સ્થળોમાં નાગરિકોને એકઠાં કરીને સરીસૃપો અંગે સાચી માહિતી આપતા વકતવ્યો આપ્યાં હતાં. બંન્ને યુવાનો મહારાષ્ટ્રમાં શિરડી સાંઈબાબા મંદિર થઈને નાસિક-ત્રંબકેશ્વર પહોંચ્યા હતા. રસ્તામાં તેઓ જે તે શહેરના સ્નેક રેસ્ક્યુઅર્સનો સંપર્ક કરી તેમની પાસેથી તેમની સ્નેક રેસ્ક્યુની ટેકનીક અંગે જાણકારી મેળવતા હતા તેમજ આ સંપર્ક તેમને આગળનો પ્રવાસ ખેડવામાં મદદરૂપ થતો હતો. તેમના બાઈક પર એક તરફ રાષ્ટ્રીય ધ્વજ અને એક તરફ સ્નેક રેસ્ક્યુ અંગેનો ધ્વજ લગાવેલો હતો જેના કારણે તેઓ જ્યાંથી પસાર થતાં કે ચા-નાસ્તો કરવા પણ રોકાતા ત્યાં આપોઆપ આસપાસના નાગરિકો એકઠાં થઈને કુતુહલવશ પૂછપરછ કરતા એટલે બંને મિત્રો તક ઝડપીને સર્પ જાગૃતિની માહિતી આપવા લાગી જતા. પ્રવાસ દરમિયાન તેઓ ક્યારેક હોટલ કે ધર્મશાળામાં રોકાયા તો ક્યારેક ખુલ્લામાં ટેન્ટમાં રોકાયા તેમજ સાપોની અનેક નવી પ્રજાતિઓ નિહાળી.

આ રીતે તેઓ મહારાષ્ટ્રમાં ભીમાશંકર જ્યોતિર્લિંગ પુણે, અંબોલી, રામાગીરી વગેરેનો પ્રવાસ ખેડી ગોવા થઈને કર્ણાટકમાં તેઆ મુરડેશ્વર, સીંગેરી, શારદાદેવી શકિતપીઠ ગયા જ્યાં તેમને ખૂબ જાણીતા સ્નેક જોય ગ્રુપનો સંપર્ક થયો ત્યારબાદ ધર્મશાળા થાઈને કેરળમાં પદ્મનાભન મંદિર પહોંચ્યા હતા. આ પછી તમિલનાડુમાં કન્યાકુમારી, રામેશ્વરમ, મદુરાઈ મીનાક્ષી મંદિર થઈને આંધ્રપ્રદેશમાં તિરુપતિ બાલાજી, શ્રી શૈલમ મલ્લિકાર્જુન પછી તેલંગાણા થઈને ઓરિસ્સામાં ભૂગોડા ખાતે પણ સ્નેક રેસ્ક્યુઅસને મળ્યા અને ત્યાંથી ભુવનેશ્વર જગન્નાથ પુરી થઈ ઝારખંડમાં બાબા બૈજનાથથી બિહારના બોધગયા થઈને ઉત્તર પ્રદેશમાં કાશી વિશ્વનાથ, અયોધ્યા નજીકમાં આવેલા ભુપેન્દ્ર કોરીના પૈતૃક ગામ રાજાપુરમાં રોકાયા હતા. અહીંથી તેઓ ઉતરાખંડમાં નૈનીતાલ થઈને કેદારનાથ, બદ્રીનાથ, પંચકેદાર, પંચ પ્રયાગ, દેહરાદુન જેવા સ્થળોએ ગયા જ્યાં રસ્તામાં તેમણે એક અજગરને પણ રેસ્ક્યુ કર્યો હતો. ગંગોત્રીથી પરત ફરતા તેમને સ્નો લેપર્ડની ઝલક જોવા મળી હતી.

આ પછી હિમાચલમાં મનાલીથી જમ્મુ, કાશ્મીરમાં વૈષ્ણોદેવી, શ્રીનગર, કારગીલ થઈને લેહ લદાખ જઈ પંજાબના અમૃતસર સુવર્ણ મંદિર ખાતે પહોંચ્યા હતા. અહીંથી દિલ્હી અક્ષરધામ, લાલ કિલ્લા, ઈન્ડિયા ગેટ થઈ ફરી લખનઉ થઈને નેપાળ પહોંચ્યા જ્યાં ચિતવન નેશનલ પાર્કમાં જંગલ સફારી કરી મનોકામના મંદિર અને કાઠમંડુ ખાતે પશુપતિનાથના દર્શન કર્યા અને બંગાળના સીલીગુડીથી આસામના ગોવાહાટી, કામખ્યા દેવી, કાજીરંગા નેશનલ પાર્ક, પછી નાગાલેન્ડ, મણીપુર, મિઝોરમ, ત્રિપુરા, મેઘાલય વગેરેનો પ્રવાસ ખેડી અરુણાચલ પ્રદેશના તાજેતરમાં જ્યાં ભારતીય અને ચીનના સૈન્યનું ઘર્ષણ થયું હતું તે તવાંગ ખાતે પહોંચ્યા હતા જો કે તેમને બોર્ડર સુધી જવાની પરમિટ મળી નહોતી. આ પછી કોલકાતા આવી પછી ઝારખંડ થઈને છત્તીસગઢ ગયા અને વારાણસી થઈને આગરા-મથુરાથી રાજસ્થાનમાં પ્રવેશી જયપુર, અજમેર, પુષ્કર, જોધપુર, રામદેવડા થઈ ગુજરાતમાં કચ્છમાં માતાનો મઢ, દ્વારકા, સોમનાથ, જુનાગઢ, ભાવનગર થઈ અમદાવાદથી અંબાજી જઈને દર્શન કર્યા બાદ દીપક પ્રજાપતિના વતન સિધ્ધપુર થઈને પરત ગાંધીનગર ફર્યા હતા.

સમગ્ર સફર દરમિયાન રસ્તામાં તેમને જ્યાં પણ તક મળી ત્યાં ગામ-શહેરોમાં જઈને બાળકો-યુવાનોને સરીસૃપો અંગે જાગૃત કરવા પ્રયાસ કર્યો હતો.

પોતાના પ્રવાસ દરમિયાન દરરોજ સાંજે છ વાગ્યે બાઈક પરથી તિરંગો સન્માનપૂર્વક ઉતારી લઈ સવારે ફરી ફરકાવતા બંને યુવાનો કહે છે કે "દુનિયામાં ભારત જેટલું સુંદર બીજું કાંઈ નથી, જો એકવાર ભારત ફરી લેશો તો ભારત પ્રત્યે તમને આપોઆપ પ્રેમ થઈ જશે."

- પ્રતિભાવો આવકાર્યઃ
samirtalod@gmail.com